જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૬/૭/૨૦૧૪ રવિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૧૭૩૯/૧૪**

**ક્રાઇમબ્રાંચ :-**

**અમદાવાદ શહેરમાં બજાજ પલસર મોટર સાયકલ પર આવી બેંક માંથી નાણાં લઇ જતાં નાગરિકો ના નાણાં ની ચીલ ઝડપ કરી લુટી લેનાર બંગાળ તથા આસામ રાજ્ય ની "ગ્વાલા ગેંગ"ના બે લુટારા ક્રાઇમબ્રાન્ચના સંકજામાં**

**"અમદાવાદ માં બનેલ ચીલઝડપ લુંટના ૧૬ ગુનાનો રુપીયા ૫૦,૦૦,૦૦૦/- થી વધુ મત્તાની થયેલ ચીલઝડપ, લૂટના ગુન્હાઓનો ભેદ ઉકેલતી ક્રાઇમબ્રાન્ચ"**

અમદાવાદશહેરમાં તાજેતરમાં બેંકમાંથી મોટી રકમ લઇ નિકળનાર નાગરિકો ના નાણાં પલઝપક વાર માં બજાજ મોટર સાયકલ ઉપર આવી નાણાં ની ચીલઝડપ કરી લુટી જવાના સીલસીલે વાર બનેલ બનાવોની ગંભીરતાને ધ્યાને અને આવા બનાવો બનતા રોકી ગુનેગારો ને શોધી કાઢવા આપેલ પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓએ આપેલ સુચના અનુસાર સંયુક્ત પોલીસ કમિશ્નર ક્રાઇમબ્રાન્ચ શ્રી એ.કે.શર્મા તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી હિમાંશુ શુક્લ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી એમ.ડી.ચૌધરી નાઓના સીધા માર્ગદર્શન અમદાવાદ શહેર ક્રાઇમબ્રાન્ચ ખાતે અધિકારીઓ તથા તમામ કર્મચારીઓનો રોલકોલ લઇ બનેલા બનાવો ના ગુનેગારે શોધી કાઢવા જુદીજુદી ટીમો બનાવી ખાસ આયોજન હાથ ધરવામાં આવ્યુ.અને આ ગુનેગારો ને શોધવા માટે ખાસી જદ્દોજહદ બાદ પોલીસ ઇન્સ્પેકટર શ્રી બી.પી. રાઝીયા તથા પો.સ.ઇ.શ્રી એચ.પી.કરેણ તથા પો.સ.ઇ.શ્રી જે.એન.ઝાલા નાઓની ટીમ ને સફળતા મળવા પામેલ.જેમાં ઉપરોક્ત અધિકારીઓ પોતાના સ્ટાફના માણસો સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા દરમ્યાન મળેલ ચોકક્સ બાતમી હકીકત આધારે હંઝર સિનેમા સામે આવેલ ફુટપાથ હોટલ ઉપરથી ૧.ટીપુ રણજીત ગ્વાલા ઉ.વ.૨૮ રહેવાસી ગામ ફાટાપુકુર થાના રાજગંજ જિલ્લો જલપાઇગુડી પ્રશ્ચિમ બંગાળ તથા ૨.અરુણકુમાર ગુલાબકુમાર શા ઉ.વ.૨૬ રહેવાસી મકાન નં.૫૨ નુતનબજાર ડુપડપટી થાના બસીસ્સ્તા જીલ્લો કામરુપ ગૌહાટી આસામ નાઓને આસામ પાસિંગ ના બે મોટરસાયકલ AS-16-D-4234 તથા AS-01-BG-5120 કિ.રુ.૧,૪૦,૦૦૦/૦૦ તથા તા.૩.૭.૨૦૧૪ ના રોજ મણીનગર કુષ્ણબાગ ચાર રસ્તા પાસે થયેલ લુંટના નાણાં રુ.૫૩,૧૦૦/ ના કબજે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

પકડાયેલ ટીપુ ગ્વાલા તથા અરુણ શા ની ઘનિષ્ટ પુછપરછ દરમ્યાન અમદાવાદ શહેર ક્રાઇમબ્રાન્ચ ને **૧૬ લુંટ તથા ચિલઝડપના ગંભીર ગુનાઓનો ભેદ ઉકેલવામાં સફળતા** મળેલ છે.આ ગુનાઓમાં

**<u>વર્ષ-૨૦૧૪ ના ગુન્હા</u>**

૧. માહે જુન માસમાં સોલા હાઇકોર્ટ પો.સ્ટે. વિસ્તારમાં નિરમા યુનીવર્સીટી બસ સ્ટેન્ડ પાસે ફરીયાદીના રુપીયા ૬,૦૦,૦૦૦/- નો થેલો પલ્સર બાઇક ઉપર આવેલ બે ઇસમો દ્વારા લૂંટવાનો બનેલ બનાવ.

૨. માહે જુન માસમાં મણિનગર પો.સ્ટે. વિસ્તારમાં ગોપાલ ટાવર પાસે જાહેર રોડ ઉપર એચ.ડી.એફ.સી. બેન્કમાંથી ફરીયાદી રુપીયા ૩,૦૦,૦૦૦/- લઇ રીક્ષામાં બેસવા જતા હતા તે દરમ્યાન પલ્સર બાઇક ઉપર આવેલ બે ઇસમો દ્વારા લૂંટવાનો બનેલ બનાવ.

૩. માહે જુન માસમાં જી.આઇ.ડી.સી. પો.સ્ટે. વિસ્તારમાં ફેઝ.૧ માં શિવકેન ઇન્ટરનેશનલ કંપની સામે રોડ ઉપર ફરીયાદીશ્રી એચ.ડી.એફ.સી. બેન્કમાંથી ૪,૦૦,૦૦૦/- લાવી પોતાની પાસેની બેગમાં મુકી કંપનીમાં જવા નિકળેલ તે વખતે હાથમાંની બેગ પલ્સર બાઇક ઉપર આવેલ બે ઇસમો દ્વારા લૂંટવાનો બનેલ બનાવ.

૪. માહે જુન માસમાં નારણપુરા પો.સ્ટે. વિસ્તારમાં નવા વાડજ શાક માર્કેટ પાસે ફરીયાદીના બેગમાં મુકેલ રોકડા રુપીયા ૩,૦૮,૦૦૦/- ની મત્તાની ચીલઝડપનો બનેલ બનાવ પલ્સર બાઇક ઉપર આવેલ બે ઇસમો દ્વારા લૂંટવાનો બનેલ બનાવ.

૫. માહે જુલાઇ માસમાં આનંદનગર પો.સ્ટે. વિસ્તારમાં કોઓપરેટ રોડ પ્રહલાદનગર પાસેથી ફરીયાદીના રુપીયા ૧,૨૭,૦૦૦/-નો થેલો પલ્સર બાઇક ઉપર આવેલ બે ઇસમો દ્વારા લૂંટવાનો બનેલ બનાવ.

૬. માહે જુલાઇ માસમાં શાહીબાગ પો.સ્ટે. વિસ્તારમાં ઘેવર સર્કલ પાસે આવેલ પેટ્રોલ પમ્પ પાસેથી ફરીયાદીના ૨,૫૦,૦૦૦/- ભરેલ બેગ ખુંચવી પલ્સર બાઇક ઉપર આવેલ બે ઇસમો દ્વારા લૂંટવાનો બનેલ બનાવ.

૭. માહે જુલાઇ માસમાં મણીનગર પો.સ્ટે. વિસ્તારમાં મહિલા મંજુલાબેન નાઓના ૧,૯૮,૦૦૦/- ની રકમનો થેલી પલ્સર બાઇક ઉપર આવેલ બે ઇસમો દ્વારા લૂંટવાનો બનેલ બનાવ.

૮. માહે માર્ચ માસમાં જી.આઇ.ડી.સી. વટવા પો.સ્ટે. વિસ્તારમાં રામોલ ચાર રસ્તા પાસેથી ફરીયાદીના ૪,૦૦,૦૦૦/- રુપીયા ભરેલ થેલો પલ્સર બાઇક ઉપર આવેલ બે ઇસમો દ્વારા લૂંટવાનો બનેલ બનાવ.

૯. માહે એપ્રિલ માસમાં કાલુપુર પો.સ્ટે. વિસ્તારમાં રેવડી બજાર પાસેથી ૩,૩૬,૦૦૦/-રુપીયા ભરેલ થેલો પલ્સર બાઇક ઉપર આવેલ બે ઇસમો દ્વારા લૂંટવાનો બનેલ બનાવ.

**<u>વર્ષ-૨૦૧૩ ના ગુન્હા</u>**

૧. માહે જુલાઇ માસ માં સેટેલાઇટ પો.સ્ટે. વિસ્તારમાં શિવરંજની ચાર રસ્તાપાસે કોટક મહિન્દ્રા બેન્ક પાસેથી ફરીયાદીનો ૪,૦૦,૦૦૦/-ની મત્તાનો થેલો પલ્સર બાઇક ઉપર આવેલ બે ઇસમો દ્વારા લૂંટવાનો બનેલ બનાવ.

૨. માહે ઓગષ્ટ માસમાં સરદારનગર પો.સ્ટે. વિસ્તારમાં શાંતિપ્રકાશ હોસ્પિટલ પાસે ફરીયાદીની ૧૦,૦૦૦/-ની રકમ ભરેલો થેલો પલ્સર બાઇક ઉપર આવેલ બે ઇસમો દ્વારા લૂંટવાનો બનેલ બનાવ.

૩. માહે ઓગષ્ટ માસમાં વસ્ત્રાપુર પો.સ્ટે. વિસ્તારમાં માનષી સર્કલ પાસે આવેલ એચ.ડી.એફ.સી.બેન્કમાંથી ફરીયાદી ૯,૮૫,૦૦૦/-ની રકમ ઉપાડી પોતાની પાસેના થેલામાં ભરી જતા હતા દરમ્યાન પલ્સર બાઇક ઉપર આવેલ બે ઇસમો દ્વારા લૂંટવાનો બનેલ બનાવ.

૪. માહે સ્પ્ટેમ્બર માસમાં નવરંગપુરા પો.સ્ટે. વિસ્તારમાં આશિયાણા ડુપ્લેક્ષ પાસેથી ફરીયાદીનો ૧,૦૦,૦૦૦/- રોકડ રકમ રુપીયાનો થેલો લૂંટવાનો બનેલ બનાવ.

૫. માહે સપ્ટેમ્બર માસમાં આનંદનગર પો.સ્ટે. વિસ્તારમાં આકૃતિ શોપીંગ જોધપુર ગામ પાસેથી ફરીયાદીના રુપીયા ૪,૫૦,૦૦૦/- ની બેગ પલ્સર બાઇક ઉપર આવેલ બે ઇસમો દ્વારા લૂંટવાનો બનેલ બનાવ.

૬. માહે સપ્ટેમ્બર માસમાં ઓઢવ પો.સ્ટે. વિસ્તારમાં સોનીની ચાલી બી.આર.ટી.એસ. બસ સ્ટેન્ડ પાસેથી ફરીયાદીના ૩,૨૫,૦૦૦/- નો થેલો પલ્સર બાઇક ઉપર આવેલ બે ઇસમો દ્વારા લૂંટવાનો બનેલ બનાવ.

૭. માહે ઓક્ટોબર માસમાં મણીનગર પો.સ્ટે. વિસ્તારમાં દક્ષીણી પાસે રાજ સ્ટોર્સ આગળથી ફરીયાદીના હાથમાંથી ૫,૦૦,૦૦૦/- રોકડ રુપીયાની થેલી પલ્સર બાઇક ઉપર આવેલ બે ઇસમો દ્વારા લૂંટવાનો બનેલ બનાવ.

ઉપરોક્ત બન્ને આરોપીઓની સઘન પુછપરછ દરમ્યાન બન્ને આરોપીઓ ભાગી પડેલ અને **છેલ્લા બે વર્ષથી તેઓ બન્ને તથા તેમના સાગરીતો ગ્વાલા ગેંગ બનાવી અમદાવાદ શહેરમાં ચીલઝડપ લૂંટના ગુન્હાઓને અંજામ આપતા હતા** અને ઉપરા ઉપરી ગુન્હાઓ કરી પોતાના વતનમાં નાસી જતા હતા ગ્વાલા ગેંગનો ઇતિહાસ જોતાં આ ગેંગની અંદર ૭ સભ્યો છે જેનો મુખ્ય સુત્રધાર જોની ક્રિષ્ણા ગ્વાલા રહે. ફાટાપુકુર જિ.જલપાઇગુડી પશ્ચિમ બંગાળનો છે. તેના સાગરીતોમાં પવન દિલીપ ગ્વાલા રહે. ફાટાપુકુર જિ.જલપાઇગુડી પશ્ચિમ બંગાળ તથા સિન્તુ રાજુ યાદવ રહે.દાનાપુર પટના બિહાર તથા ધર્મવીર લાલસિંહ રહે. આગ્રા ઉત્તરપ્રદેશ તથા મનોજસિંગ રહે.આગ્રા ઉત્તરપ્રદેશ નાઓ છે. આ તમામ આરોપીઓ છેલ્લા બે વર્ષથી અમદાવાદમાં ટ્રેઇન દ્વારા પોતાના રાજ્યના પાસીંગના જુદા જુદા મોટર સાયકલો લઇ આવતા હતા અને અમદાવાદ શહેરમાં જુદા જુદા વિસ્તારોમાં બેન્કો તથા વેપારી પેઢીઓના વેપારીઓ તથા બેન્કમાંથી મોટી રકમ ઉપાડી બહાર નિકળનાર વેપારીઓની રેકી કરી તેમનો પીછો કરી મોકો મળેથી પલ્સર બાઇક ઉપર સવાર થઇ માથે હેલ્મેટ પહેરી પલકવારમાં રુપીયા ભરેલો થેલો લઇ નાસી છુટતાં હતા.

તાજેતરમાં આ ગેંગના માણસો દ્વારા જુન/જુલાઇ માસમાં સાતેક લૂંટના સીલસીલેવાર બનાવોને અંજામ આપેલ છે અને લૂંટ કર્યા બાદ પોતાના વતનમાં નાસી જતા હોવાની પ્રાથમીક હકિકત મળવા પામેલ છે. ક્રાઇમ બ્રાન્ચની ટીમો દ્વારા નાસી છુટેલ આરોપીઓની ઘનિષ્ઠ તપાસ હાથ ધરવામાં આવેલ છે.

નાયબ પોલીસ કમિશનર<br>
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર<br>
પોલીસ કમિશનર વતી.